# સત્યનારાયણની સાચી કથા



# સત્યનારાયણની સાચી કથા

* લેખક *
બ્ર. કુ. જગદીશચંદ્ર હસીજા, દિલ્હી

* મુદ્રક *
ઓમશાંતિ પ્રેસ,
જ્ઞાનામૃત ભવન, શાંતિવન, તળેટી,
પો. ઓ. મુદરલા, આબુરોડ - ૩૦૭ ૦૨૬
(રાજસ્થાન)

* પ્રકાશક *
પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય
પાંડવ ભવન, માઉન્ટ આબુ, રાજસ્થાન

# સત્યનારાયણની વ્રતકથા

સત્યનારાયણની વ્રતકથાનું ભારતમાં ઘણું માહાત્મ્ય છે. ભારતમાં અનેક લોકો સત્યનારાયણનું વ્રત કરે છે, તથા કથા સાંભળે છે. સત્યનારાયણની વ્રતકથામાં લખ્યું છે કે- ''સત્યનારાયણનું વ્રત દુઃખ અને શોકને શાંત કરનારું, ધનધાન્યને વધારનારુ, સૌભાગ્ય આપનારું તથા સર્વકાર્યમાં વિજય આપનારું છે. આ વ્રત અને કથા કરવાથી મનુષ્ય બધાં પાપોથી છૂટી જાય છે અને આ લોકમાં સુખેથી જીવન વ્યતિત કરીને અંતે મુકિત તથા વૈકુંઠમાં દેવપદની પ્રાપ્તિ કરે છે. જ્યારે આ વ્રત પૃથ્વી પરનાં મનુષ્ય કરશે ત્યારે પૃથ્વી પરથી દુઃખો નાશ પામશે.'' આ રીતે આ વ્રતકથામાં આ વ્રતને સર્વ મનોરથોની સિદ્ધિ આપનારું તથા સર્વ મનોકામનાઓ પૂર્ણ કરનાર તરીકે વર્ણવ્યું છે.

## આ વ્રતકથામાં ''સત્ય''ના જ્ઞાન વિષે, શ્રી નારાયણની જીવનકહાણી વિષે કે ઉત્તમ વ્રત વિષે વર્ણન છે ખરું ?

સત્યનારાયણની વ્રતકથામાં આટલું મોટું માહાત્મ્ય લખ્યું છે, તેને વાંચીને તો દરેક મનુષ્યને વ્રત કરવાની તથા કથા સાંભળવાની ઇચ્છા થશે, કારણ કે સુખ અને શાંતિ, મુક્તિ અને જીવનમુક્તિ, વિજય અને સૌભાગ્ય કે ધન-ધાન્યની પ્રાપ્તિ તો સર્વ કોઇ ઝંખે છે જ. પરંતુ જ્યારે મનુષ્ય પ્રચલિત ''સત્યનારાયણ વ્રતકથા'' વાંચતો કે સાંભળતો હોય છે ત્યારે તેને એ વિચારીને આશ્ચર્ય થાય છે કે એમાં નથી શ્રી નારાયણની કોઇ આત્મકથા કે નથી સત્યસ્વરૂપ પરમાત્માનો પરિચય, ઉપરાંત નથી કોઇ વ્રતની વ્યાખ્યા કે જેથી એમ માની શકાય કે આ વ્રતને કરવાથી ઉપરોક્ત ઉત્તમ પ્રાપ્તિ થઇ શકે છે, પરંતુ એમાં તો ફક્ત વ્રતની જ કથા છે. એમાં ફક્ત એ જ વર્ણવ્યું છે કે અમુક વ્યક્તિએ આ વ્રત કર્યું તો એને ધન-ધાન્ય, મુક્તિ અને વૈકુંઠ પદની

પ્રાપ્તિ થઇ અને અમુક-અમુક વ્યક્તિએ આ વ્રત કરવાનો સંકલ્પ કર્યો, પરંતુ વ્રત નહીં કરવાથી અથવા વ્રતના પ્રસાદનો અનાદર કરવાથી તેમના ઉપર દુઃખ અને સંકટ આવી પડયાં. ઉદાહરણ તરીકે, એમાં સર્વપ્રથમ કથા તો એ છે કે ''કાશીનગરીમાં શતાનંદ નામનો એક અત્યંત નિર્ધન બ્રાહ્મણ રહેતો હતો, જે ભીખ માંગવા છતાં પણ ભૂખથી પીડાતો હતો. ભગવાન તેની સમક્ષ એક વૃદ્ધ બ્રાહ્મણના રૂપમાં આવ્યા અને તેને સત્યનારાયણનું વ્રત કરવાનું કહ્યું. તે વ્રત કરવાથી તેને ધન, સંપત્તિ તથા સુખનો લાભ થયો. તે આ વ્રત દર મહિને કરવા લાગ્યો જેથી તે અંતે મુક્તિને પામ્યો.''

બીજી કથા લાકડાં વેચનાર એક નિર્ધન ભીલની છે. તે પણ આ વ્રત કરવાથી નિર્ધનતા, દુઃખ તથા શોકથી મુક્ત થઇ અંતે વૈકુંઠમાં દેવપદને પામ્યો. ''સ્પષ્ટ છે કે આમાં ક્યાંય પણ એ તો ઉલ્લેખ છે જ નહીં કે તેમણે કયું વ્રત કર્યું, કેવી રીતે કર્યું અને કઇ કથા સાંભળી? આમ આ પ્રચલિત કથામાં ન તો ''સત્ય''વિષે, ન તો ''શ્રી નારાયણ'' વિષે કે ન તો ''ઉત્તમ વ્રત'' વિષે કોઇ જ્ઞાન કે વર્ણન છે.

## શું કથામાં વર્ણવેલ વ્રતથી આટલી ઉચ્ચ પ્રાપ્તિ થઇ શકે?

હવે વિચારવા જેવી વાત છે કે આજે જે સત્યનારાયણ વ્રતની પ્રખ્યાત વિધિ છે તે પ્રમાણે વ્રત કરવાથી કે વ્રતકથા સાંભળવાથી શું આટલી ઊંચી પ્રાપ્તિ થઇ શકે ખરી? વ્રતની પ્રખ્યાત વિધિ તો એ છે કે લોકો સવારથી નિરાહાર રહે છે. હાથમાં ફૂલો લઇને સત્યનારાયણનું ધ્યાન કરે છે, તેની વિધિપૂર્વક સ્તુતિ કરે છે અને બાદમાં કલાક દોઢ કલાક કથા સાંભળીને પ્રસાદ વહેંચવામાં આવે છે તથા મીઠું ભોજન કરે છે. સ્પષ્ટ છે કે આ વ્રત કે જેનું

માહાત્મ્ય આ લેખની શરૂઆતમાં વર્ણવ્યું છે તે પ્રચલિત વ્રતથી જુદું અને ઉચ્ચ કક્ષાનું જ વ્રત હશે. નહિ તો જો માત્ર કલાક નિરાહાર રહેવાનું વ્રત કરવાથી કે એક દિવસ સવાયો ભોગ લગાવીને મીઠું-મીઠું ભોજન ખાઇને મોજ કરવાથી તે સંપૂર્ણ સુખોની અથવા મુક્તિ-જીવનમુક્તિની પ્રાપ્તિ થઇ શકતી હોત અને સુખ પ્રાપ્ત કરી શકાતું હોત તો આ અત્યંત સહજ યુકિતને અપનાવવાનું તો કોઇ ચૂકે નહિ, અરે નાસ્તિક કમ્યુનિસ્ટ લોકો પણ ક્રાંતિની વાતોને છોડીને સંક્રાંતિ પર આ વ્રતને જ સર્વોત્તમ ઉપાય માની લેત.

અને આજે જ્યારે કે દેશમાં અસહ્ય દરિદ્રતા છે અને લાખો લોકો ભૂખથી પીડાઇ રહ્યા છે, આવા સમયે તો સરકાર પણ આ વ્રતને કરવા કે કરાવવા લાગી જાત-પરંતુ આ કહેવાતા વ્રતમાં એવી વિશેષતા છે જ નહીં, કે જે કરવાથી દેશમાં સુખ-સંપત્તિ અને સમૃદ્ધિ આવી જાય અને મનુષ્યને મુક્તિ અને જીવનમુકિતની પ્રાપ્તિ થઇ જાય. હવે આ વ્રતકથામાં જે મુખ્ય કથા છે, તેના ઉપર વિચાર કરવાથી પણ આપ જોઇ શકશો કે તેમાં પણ સત્યસ્વરૂપ પરમાત્માની ઓળખાણ કે શ્રીનારાયણની આત્મકથાનો કે સાચા વ્રતનો ઉલ્લેખ કયાંય પણ નથી.

## કથામાં વર્ણિત વૃત્તાંત કયાં સુધી સંભવે અને તેના વાસ્તવિક ભાવ શું છે?

સત્યનારાયણની વ્રતકથામાં જે સર્વથી લાંબી કથા લખેલી છે તે એ છે કે- ''એક વેપારીએ એવો સંકલ્પ કર્યો કે જો તેને સંતાન થશે તો તે આ વ્રત જરૂર કરશે. પરંતુ જ્યારે તેને એક કન્યા ઉત્પન્ન થઇ ત્યારે તેણે પોતાનું વચન ટાળી દીધું અને કહ્યું કે એ વ્રત કન્યાના વિવાહ પ્રસંગે કરીશ. પરંતુ

તે અવસર પર પણ તે વ્રત કરવાનું ભૂલી ગયો. જેને પરિણામે સત્યનારાયણે રીસાઇને તેને શાપ આપ્યો કે તેના ઉપર દુઃખ પડો. આ તરફ રાજાને ત્યાં ચોરી થઇ ગઇ હતી. અને ચોરોએ રાજાના દૂતોને પોતાની પાછળ દોડતા જોયા. તેઓ જ્યાં વૈશ્ય તથા તેનો જમાઇ કે જેઓ વ્યાપાર કરીને બેઠા હતા ત્યાં ધન મૂકી ભાગી ગયા. રાજાના દૂત વૈશ્ય (વેપારી) અને તેના જમાઇને ચોર માની તેઓને પકડીને રાજાની પાસે લઇ ગયા. રાજાએ તેઓને જેલમાં પૂર્યા. આ તરફ વેપારીની પત્નીએ પોતાના પતિ હેમખેમ પાછા ફરે એવા મનોરથ લઇને સત્યનારાયણનું વ્રત કર્યું, જેથી ભગવાને રાજાને સ્વપ્નમાં કહ્યુ કે આ બંનેને છોડી દે નહિતર હું તારો નાશ કરી નાખીશ.''

જ્યારે રાજા દ્વારા મુકત થઇને બંને પોતાના વહાણ તરફ પાછા ફર્યા ત્યારે સત્યનારાયણે તેમને પૂછયું કે, ''વેપારી, તમારા વહાણમાં શું છે?'' વેપારી બોલ્યો- ''કેમ? કંઇ લેવાનો વિચાર છે? આમાં તો ફકત વેલ-પાંદડાં જ છે.'' ત્યારે સાધુ વેશધારી સત્યનારાયણ બોલ્યા- ''તથાસ્તુ.'' આના પરિણામે વેપારીના વહાણમાં બધું ધન-સોનું વગેરે વેલ પાંદડાં બની ગયું. પરંતુ જ્યારે વેપારીએ પાછા ફરીને તે સાધુ વેશધારી આગળ દુઃખ પ્રગટ કર્યું, ત્યારે તેણે કહ્યું- ''તું મારી પૂજા નથી કરતો અને વ્રત નથી કરતો, તેથી મારી ઇચ્છાથી તમને આ બધું દુઃખ થાય છે.'' વેપારી બોલ્યો- ''આપની માયાથી મોહિત થઇને હું વ્રત કરવાનું ભૂલી ગયો હતો.'' જ્યારે વેપારીએ વ્રત કરવાનું વચન આપ્યું ત્યારે ભગવાનની પ્રસન્નતાને પરિણામે વેલ-પાંદડાં પહેલાંની જેમ સોનું-ચાંદી વગેરે ધન બની ગયું. આગળ લખ્યું છે કે આખરે વેપારી અને તેનો જમાઇ પોતાના નગરના કિનારે આવી પહોચ્યા અને વહાણને કિનારા પર લાંગરીને તેમણે નગર તરફ પ્રયાણ કર્યું. વેપારીની પુત્રી કે જે ''સત્યનારાયણનું વ્રત'' કરી રહી હતી તેણીએ પોતાના પિતા અને પતિના વહાણના આવી પહોંચવાના સમાચાર સાંભળ્યા કે તરત જ સત્યનારાયણનો

પ્રસાદ છોડીને વહાણ તરફ ચાલી નીકળી. પ્રસાદ ન લેવાનું પરિણામ એ આવ્યું કે તેનો પતિ અદૃશ્ય થઇ ગયો અને વહાણ ડૂબીને સાગરના તળિયે વિલીન થઇ ગયું. પરંતુ તે જયારે દુઃખી થઇ રડવા લાગી ત્યારે તેના પિતા-વેપારીએ સંકલ્પ કર્યો કે જો તેનો જમાઇ આવી જશે તો તે સત્યનારાયણનું વ્રત કરશે. ત્યારે આકાશવાણી થઇ કે ''કલાવતી (વેપારીની પુત્રી) પ્રસાદ છોડીને આવી છે. તે જઇને જયારે પ્રસાદ આરોગશે તો તેનો પતિ પાછો ફરશે.'' કલાવતીએ પાછા જઇને જયારે પ્રસાદ લીધો ત્યારબાદ તેણી પાછી ફરી તો તેનો પતિ પ્રગટ થઇ ગયો અને ડૂબેલું વહાણ પણ ફરી તરીને ઉપર આવ્યું.

આવી જ કથા રાજા તુંગભદ્રની છે. જે સત્યનારાયણનું વ્રત તથા કથાનું અપમાન કરવાથી દુઃખી બન્યો અને ત્યારબાદ કથા-વ્રત વગેરે દ્વારા તેણે સુખ મેળવ્યું.

કલાવતીની ઉપરોક્ત કથા ઉપર વિવેકયુકત રીતે વિચાર કરવાથી જણાશે કે કથામાં જે લખ્યું છે કે- ''ધન-સોનું વગેરે બધું વેલ-પાંદડાં જ બની ગયાં અને પછી સત્યનારાયણ પ્રસન્ન થવાથી વળી પાછાં એ વેલ- પાંદડાં સોના-ચાંદીના રૂપમાં ફેરવાઇ ગયાં.'' આ વાત શાબ્દિક અર્થમાં તો અશકય જ લાગે છે. આ રીતે સત્યનારાયણના રીસાવાના (ગુસ્સે થવાના) કારણે કલાવતીનો પતિ અદૃશ્ય થયો તથા વહાણ ડૂબી સમુદ્રને તળિયે વિલીન થઇ જવાની તથા ફરી પાછા સત્યનારાયણ પ્રસન્ન થવાથી વહાણ તરીને ઉપર આવવાની અને કલાવતીનો પતિ પ્રગટ થઇ જવાની વાતો પણ અસંભવ જ લાગે છે. આમ કોઇ કદાચ ભકિતની લહેરમાં આવી ને ભલે દરેક વાતને ઠીક માની લે, પરંતુ વિવેક તથા જ્ઞાનની કસોટી પર કસવાથી તો આ વૃત્તાંતની રચના કોઇ એક ભકિતપ્રધાન માનવ-મનની કલ્પના જ માલૂમ પડે છે.

વાસ્તવમાં તો સત્ય સ્વરૂપ પરમપિતા પરમાત્માનું તથા શ્રી નારાયણનું તો ઘણું જ મોટું માહાત્મ્ય છે અને વ્રત પણ ઉત્તમ ફળ આપનારું છે, પરંતુ લોકોએ વાસ્તવિક કથાના ભાવનું આ રીતે વર્ણન કરી મૂળ ભાવના બદલી નાખી છે.

તદુપરાંત કથામાં લખ્યું છે કે "ભગવાન, હું આપની માયાથી મોહિત થઈને તે વ્રત કરવાનું ભૂલી ગયો હતો." જેને પરિણામે ભગવાને ગુસ્સે થઈને તેને શાપ આપ્યો. વાસ્તવમાં આ પ્રમાણેનું કર્મ ભગવાન તથા શ્રી નારાયણના સ્વરૂપ અને સ્વભાવથી તદ્દન વિરુદ્ધ છે. "ભગવાન તો સદા આનન્દ સ્વરૂપ અને સર્વહિતકારી છે. તેઓ કદી કોઈપણને શાપ કે દુઃખ આપતા જ નથી. તેઓ તો સુખ-શાંતિદાતા અને કલ્યાણકારી છે. મનુષ્ય દુઃખી તો પોતાનાં જ બૂરાં કર્મોના કારણે થાય છે અને વળી ભગવાન તો માયાતીત માયાથી પર છે. તેઓશ્રીને માયા કદી પણ લેશમાત્ર સ્પર્શ કરી શકતી નથી. તેથી એમ કહેવું કે ભગવાનની માયાથી અમે મોહિત થઈએ છીએ તે બિલકુલ ખોટું છે. આના સિવાય કથામાં દંડી સાધુના રૂપમાં ભગવાનનું આવવું અને વેપારીને શાપ આપીને નદીકિનારે જઈને બેસવું વગેરે પણ કેટલાંક એવા ઉલ્લેખ છે જે ભગવાનના સ્વરૂપ અને અવતરણની રીતિ-નીતિની વિરુદ્ધ છે. અને વાસ્તવમાં ભગવાનનું માહાત્મ્ય વધારનારું નથી. ભગવાનનો જન્મ અને તેનું કર્તવ્ય તો દિવ્ય છે અને દિવ્યતાનો એવો અર્થ નથી કે આ રીતે દંડી સાધુનું રૂપ ધારણ કરીને નદી-કિનારે જઈને બેસી જાય? અને તે વ્યકિત દ્વારા આવીને દુઃખ પ્રગટ કરવાથી કહે કે  કે "મારી જ ઇચ્છાથી તમને દુઃખ થયું છે કેમ કે તું મારી પૂજા નથી કરતો."

# વાસ્તવિક વ્રત અને વાસ્તવિક ભાવ

આથી ઉપરોક્ત રીતે વિચાર કરવાથી એ નિર્ણય પર પહોંચવું સ્વાભાવિક છે કે વાસ્તવમાં આ વ્રત જે ભગવાને વૃદ્ધ બ્રાહ્મણના રૂપમાં આવીને કરવાને માટે કહ્યું હતું અને જેનું આટલું ઊંચું માહાત્મ્ય છે, તે કોઇ બીજું જ વ્રત હતું અને ભગવાનના આ કથનનો ભાવ પણ કંઇક બીજો જ હતો. પહેલાં તો આપ જુઓ કે અહીં કહ્યું છે કે આ કથા નૈમિષારણ્ય તીર્થમાં સંભળાવવામાં આવી હતી. આ નૈમિષારણ્ય સીતાપુર જિલ્લામાં છે. પરંતુ જો આધ્યાત્મિક દષ્ટિકોણથી જોવામાં આવે તો આ પ્રસંગમાં મન જ ''નૈમિષારણ્ય'' છે. કેમકે નિમિષ (અથવા આંખની પલક મારવા જેટલા સમય)માં-જયાં આત્માનો અનુભવ થઇ જાય તે નૈમિષ તીર્થ છે. અરણ્ય જંગલને કહેવામાં આવે છે. જયારે આપણે મનને નિર્જન વન જેવું એકાંત બનાવી દઇએ અથવા કોઇ પણ માનવ કે દેહધારીની યાદ કરવાને બદલે એક પરમાત્માની જ સ્મૃતિમાં સ્થિત થઇ જઇએ તો ''ભ્રૂકુટી'' રૂપી ઝૂંપડીમાં બેસીને આત્માના સ્વરૂપનો અનુભવ થાય છે.

હવે જરા ''તીર્થ'' શબ્દ તરફ પણ ધ્યાન દેવાની જરૂર છે. ''તીર્થ'' અર્થાત્ ''તારનાર''. એથી તીર્થ કોઇ વનમાં કે જલાશયના સ્થાનમાં નથી પરંતુ દિવ્ય ગુણોની ધારણા તથા પવિત્રતા જ સાચું તીર્થ છે. સ્વયં સ્કંદ પુરાણમાં ''સત્યનારાયણ વ્રતકથા'' જોવા મળે છે. તેના કાશી ખંડમાં જ કહ્યું છે કે સત્ય, ક્ષમા, દયા, ઇન્દ્રિયનિગ્રહ, મધુરવચન, સંતોષ વગેરે બધાં તીર્થો છે. તેથી મનરૂપી વનમાં આ દિવ્ય ગુણોની ધારણા કરીને એકાગ્રતાથી બેસવું એ જ નૈમિષારણ્યમાં વ્રતકથાને માટે તૈયાર થવા બરાબર છે.

હવે એ પણ સમજવાની વાત છે કે ''વ્રતનો'' શું અર્થ છે? વાસ્તવમાં

કોઇ પણ નિયમ અથવા દિવ્ય ગુણોને ધારણ કરીને તેને અપનાવી રાખવા માટે દઢ સંકલ્પ કરવો તેને જ વ્રત લેવું એ કહેવાય છે. આ દષ્ટિકોણથી ''બ્રહ્મચર્ય'' તથા ''ઇન્દ્રિય નિગ્રહ'' જ સર્વોત્તમ તીર્થ તથા સર્વોત્તમ વ્રત છે. સ્વયં સ્કંદ-પુરાણ જેમાં આ કથા છે, તેમાં પણ એમ કહ્યું છે. પરંતુ લોકો આ પ્રકારના વન, તીર્થ અને વ્રત ઉપર તો ધ્યાન જ નથી આપતાં. તેથી તેઓ નરમાંથી શ્રી નારાયણ બનવાની સત્ય કથા સાંભળવાને પાત્ર જ નથી બનતાં અને તે કથાનું કથિત ફળ પણ પ્રાપ્ત કરી શકતાં નથી.

''હવે વર્તમાન સમયે એક સાધારણ વૃદ્ધ બ્રાહ્મણના તનમાં દિવ્ય પ્રવેશ કરીને સત્ય સ્વરૂપ પરમાત્મા શિવે આપણને ફરીથી ''નરમાંથી શ્રી નારાયણ બનવાની સાચી કથા'' સંભળાવી છે તેના પરથી આપણે જાણી શકીએ છીએ કે તે વ્રત કયું છે અને તે સત્ય કથા કઇ છે. ઉપર કહી ગયા તે પ્રમાણે વાસ્તવમાં તે વ્રત છે ''બ્રહ્મચર્ય'' અથવા ''પૂર્ણ પવિત્રતાનું વ્રત.'' ભગવાન આપણને ભૂખ્યા રહેવાનું નથી કહેતા પણ પરમાત્માની આજ્ઞા છે કે કળિયુગના અંત અને સતયુગની શરૂઆતની વચ્ચેનો જે ''સંગમ સમય'' છે તે થોડાક સમયમાં નિર્વિકારી જીવન વ્યતિત કરવાની આજ્ઞા આપે છે. આજે મનુષ્યોએ કામ, ક્રોધ વગેરે વિકારોને આત્માનો આહાર માની લીધો છે. (તેથી જ તેઓ નિત્ય એ વિકારોને વશ થઇ કર્મ કરતા રહે છે તથા એવા વિકારી જીવનને સ્વાભાવિક માને છે.) ભગવાન કહે છે કે વિકારો રૂપી આહારને છોડવો તે જ સાચું સર્વોત્તમ વ્રત છે. તેઓ નિર્વિકારી જીવન વ્યતિત કરવાની આજ્ઞા આપે છે. વાસ્તવમાં તન, મન, ધનથી કોઇપણ ખરાબ કર્મ ન કરવું- એ જ સર્વોત્તમ વ્રત છે. જેને કરવાથી નર કંગાળમાંથી તાજધારી, નિર્ધનમાંથી સદા ધનવાન, રોગીમાંથી સદા નિરોગી અને સુખી-સંપત્તિવાન બની જાય છે તેમજ મુક્તિ તથા વૈકુંઠમાં દેવપદને પ્રાપ્ત કરી લે છે.

## કથામાં બ્રાહ્મણ, ભીલ અને વૈશ્યાદિનો ઉલ્લેખ શા માટે?

આ વ્રતને ભીલ, બ્રાહ્મણ, રાજા, વ્યાપારી, નર-નારી બધાં જ કરી શકે છે અને આ લોકમાં સુખ ભોગવતાં ભવિષ્યમાં વૈકુંઠનું સુખ પ્રાપ્ત કરી શકે છે. કથાકારે આ ભાવને સ્પષ્ટ કરવા માટે નારી કલાવતી અને લીલાવતી, વ્યાપારી વૈશ્ય અને તેનો જમાઇ, ''રાજા ઉલ્કામુખ'', ભિખારી બ્રાહ્મણ અને ભીલ વગેરેની કથાઓ બનાવી દીધી છે. અને તેમાં અસંભવ વાતો પણ મિશ્રિત કરી દીધી છે. વળી કથાકારે ભગવાન (શિવ)નો સ્પષ્ટ પરિચય પણ નથી લખ્યો અને જે વૃદ્ધ બ્રાહ્મણના તનમાં ભગવાન પ્રવિષ્ટ અથવા સન્નિવિષ્ટ થયા અને તેને ''બ્રહ્મા'' નામ આપ્યું તેનો પણ પરિચય નથી આપ્યો. આ રીતે આખો ભાવ અસ્પષ્ટ, અનિશ્ચિત અને અસંભવ લાગે છે. આખી વાત બગડી ગઇ છે.

## કઇ જીવનનૈયા શેમાં ડૂબે અને કઇ જીવનનૈયા તરી જાય છે?

અને વળી ભગવાન કહે છે કે ''જે નર-નારી નિર્વિકારી જીવન વ્યતિત કરવાનું વ્રત કરશે; અને ધન-ધાન્યથી સંપન્ન બની જશે અને સંસારરૂપી સાગરમાંથી તેની ''જીવનરૂપી નૈયા'' તરી જશે. અને જે આ વ્રત નહિ કરે તેની ''જીવનરૂપી'' નૈયા શોકસાગરમાં ડૂબી જશે. પરંતુ કથાકારે સ્થૂળ વહાણને ડૂબવા અને તરવાની વાત લખી દીધી છે.

# ધન અને રત્ન વેલ-પાંદડાં બની જવાનો ભાવાર્થ

તે ઉપરાંત ભગવાન તો કહે છે કે તન, મન, ધન મને અર્પણ કરીને સ્વયંને ટ્રસ્ટી (સાક્ષી) અથવા નિમિત્ત સમજીને ચાલો કે જેથી આપની આસક્તિ મટી જાય અને કલ્યાણ થઇ જાય. હવે જે લોકો બ્રાહ્મણ-શ્રેષ્ઠ બ્રહ્માના માનવ તનમાં પ્રવિષ્ટ ભગવાનનાં આ મહાવાક્યોનો એવો અર્થ લે છે કે કદાચ ભગવાનને પણ તેની પાસેથી કંઇક લેવાની ઇચ્છા છે. તો તેઓ ભગવાનથી પોતાંના ધન-ધાન્ય વગેરેને છુપાવે છે. તેઓ એવું નથી સમજતાં કે ભગવાન તો ધનસંપત્તિ વગેરેના દાતા છે. તે આપણું લઇને શું કરશે? તો જે લોકો આ રીતે ભગવાનને અર્પણમય થવાને બદલે ભગવાનને પણ કોઇ માગવાવાળા સમજે છે તેનું આ વિશ્વમાં કલ્યાણ થતું નથી, કેમકે તેની મોહ-મમતા નથી મરતી. હવે તેના અકલ્યાણની વાતને કથાકારે આ પ્રકારે લખી દીધી છે કે ભગવાનના શાપથી "તેનું બધું ધન-ધાન્ય વેલ-પાંદડાં બની જાય છે." અને ફરીથી વ્રત રાખવાથી અને ભગવાનનાં વરદાનથી તે ધન સોનું બની જાય છે. કથાકારના આ પ્રકારના લેખથી અસંભાવનાનું તત્ત્વ આવી ગયું છે, કેમકે વાસ્તવમાં ધન કયારેય પણ વેલ કે પાંદડાંનું રૂપ ધારણ નથી કરી શકતું. તેથી વાસ્તવિક ભાવને આ અવિશ્વસનીય શબ્દોમાં વ્યકત કરવાથી આખી વાત બગડી ગઇ છે.

ટૂંકમાં આપણે આ વાતનું પુનરાવર્તન ન કરતાં એમ કહેવા માગીએ છીએ કે સત્ય સ્વરૂપ ભગવાન શિવ નરને શ્રી નારાયણ બનાવવા માટે અથવા મુકિત અને જીવનમુકિતને યોગ્ય બનાવવા માટે પવિત્રતા અને બ્રહ્મચર્યરૂપી વ્રત બતાવે છે. શ્રી નારાયણરૂપી લક્ષ્યની સ્મૃતિ સતત ચાલુ રાખવાની આજ્ઞા દે છે. અને અર્પણમય જીવન વ્યતિત કરવાની સંમતિ દે છે. જે આ

પવિત્રતારૂપી વ્રતનું પાલન કરે છે તે તરી જાય છે, અને ધનસંપત્તિના માલિક બની જાય છે. જેઓ આ પાલન નથી કરતા તેની જીવનરૂપી નૈયા ડૂબી જાય છે. હવે આપણે પહેલાં સત્ય સ્વરૂપ પરમાત્માનો પરિચય વ્યકત કરીએ અને તેના પછી સત્યનારાયણની સાચી કથાનો ઉલ્લેખ કરીશું.

## સત્ય અથાત્ પરમપિતા પરમાત્માનો પરિચય

પરમપિતા પરમાત્મા નિરાકાર છે. જ્યોતિ-બિન્દુ સ્વરૂપ છે. જ્ઞાનના સાગર, શાન્તિના સાગર, આનંદના સાગર, પ્રેમના સાગર, પતિતપાવન, અને મુકિત તથા જીવનમુકિતના દાતા છે. કલ્યાણકારી હોવાને લીધે તેમનું દિવ્ય અથવા કર્તવ્યવાચક નામ ''શિવ'' છે. ભારતના લોકો ''શિવલિંગ'' નામની મૂર્તિ બનાવીને આજ સુધી પૂજન કરે છે. પરંતુ પૂજન કરાવવામાં ભકત લોકો શિવના પૂર્ણ અને સત્ય પરિચયને નથી જાણતા. જો કે ચિરકાળથી સર્વ શકિતવાન અને સદ્‌ગતિદાતા પરમાત્મા શિવની આખા વિશ્વમાં એ જ શિવલિંગના રૂપમાં જુદાં જુદા નામોથી જુદા જુદા ધર્મો અને દેશોમાં પૂજા થતી રહી છે તો પણ લોકોને આનું સ્પષ્ટ જ્ઞાન નથી. ભારતમાં ગોપેશ્વરમ્ અને રામેશ્વરમ્નાં જે મંદિરો છે તેનાથી એ સ્પષ્ટ ખ્યાલ આવે છે કે પરમાત્મા શિવ શ્રી કૃષ્ણ અને શ્રી રામના પણ શ્રદ્ધેય, માન્ય અને પૂજ્ય છે. ઉજ્જૈનનાં કે સોમનાથમાં વિક્રમાદિત્ય દ્વારા અને મક્કામાં ઈબ્રાહીમ દ્વારા પણ તેની સ્થાપના આ રૂપમાં થઇ જેથી એ સિદ્ધ થાય છે કે ઈસ્લામ ધર્મમાં જે સંગ-એ-અસવદ (પવિત્ર પથ્થર) છે તે વાસ્તવમાં શિવલિંગનું જ પ્રતીક છે. ઈસા મસીહ, નાનક અને બીજા ધર્મ સંસ્થાપકોએ પણ પરમાત્માને જ્યોતિસ્વરૂપ જ માન્યા છે.

પરમાત્માનાં જેટલાં પણ ભિન્ન-ભિન્ન નામ છે તે બધાં તેનાં કર્તવ્યથી

સંબંધિત છે. ઉદાહરણ તરીકે, પરમાત્મા સમસ્ત જગતનું અથવા સર્વ આત્માઓનું કલ્યાણ કરે છે. એટલા માટે તેમને આપણે શિવ (કલ્યાણકારી) નામથી યાદ કરીએ છીએ. પરમાત્મા આપણા બધા આત્માઓની ૮૪ જન્મોની કહાણી અને આ સૃષ્ટિના આદિ-મધ્ય-અંતનું રહસ્ય સંભળાવે છે. આથી ''અમરકથા'' સંભળાવનાર હોવાને કારણે પરમાત્માને ''અમરનાથ'' પણ કહેવામાં આવે છે અને જ્ઞાનરૂપી સોમરસ પિવડાવે છે તેથી તેમને ''સોમનાથ'' પણ કહે છે તથા મનુષ્યસૃષ્ટિના રચયિતા હોવાને કારણે તેમનું એક નામ ''વિશ્વેશ્વરનાથ'' પણ છે. અને કાળોના કાળ હોવાથી તેઓનું એક નામ ''મહાકાલેશ્વર'' પણ છે. આપણા સર્વ આત્માઓના પિતા હોવાને કારણે પરમપિતા પરમાત્મા (ગોડફાધર) પણ કહેવાય છે. અને સર્વોચ્ચ હોવાને કારણે અલ્લાહ પણ કહેવાય છે. પરમાત્મા શિવ અમરકથા સંભળાવવાને માટે અને પતિત તથા ભ્રષ્ટાચારી દુનિયાને શ્રેષ્ઠાચારી અને પાવન બનાવવાને માટે એક વૃધ્ધ અનુભવી મનુષ્યના શરીરનો આધાર લે છે. અને તેમના મુખ દ્વારા સર્વ શાસ્ત્રોનો સાર સંભળાવે છે, જેને આપણે ''ભગવાન'' નું ગીત અથવા ''ભગવદ્ગીતા'' પણ કહીએ છીએ. તે મનુષ્ય ''પ્રજાપિતા બ્રહ્મા'' કહેવાય છે. પરમપિતા શિવ અને પ્રજાપિતા બ્રહ્મા બંનેનો દિવ્ય જન્મ ભારતમાં જ થાય છે. એટલા માટે ભારતમાં જ શિવનો સર્વથી અધિક મહિમા છે અને ભારતનો પણ આખા વિશ્વમાં મહિમા થાય છે. પ્રજાપિતા બ્રહ્મા દ્વારા જે ''અમરકથા'' કે ''સત્યનારાયણની કથા'' પરમપિતા પરમાત્મા શિવ સંભળાવે છે તે કથા હવે ફરીથી પરમાત્મા શિવ અત્યારે સંભળાવી રહ્યા છે આ સત્યકથા અર્થાત્ નરમાંથી નારાયણ બનાવે તેવી સત્યસ્વરૂપ પરમાત્માની કથા આપણે જોઈશું.

# સત્યનારાયણની સાચી કથા

પરમપિતા પરમાત્મા શિવે જે સત્યનારાયણની કથા સંભળાવી છે તે સંક્ષેપમાં આ રીતે છે.

"આજથી પાંચ હજાર વર્ષ પહેલાં સૃષ્ટિ પર સૂર્યવંશી, સોળેકળાએ સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણ જળ, સ્થળ, નભ, ચર-અચર બધાં ઉપર અખંડ ચક્રવર્તી રાજય કરતાં હતાં. તે સમયે સૃષ્ટિમાં સંપૂર્ણ સુખ અને શાંતિ હતાં. દૂધ અને ઘીની નદીઓ વહેતી હતી. સોના અને રત્નોથી જડેલા મહેલ હતા. પ્રકૃતિ મનુષ્યની દાસી હતી. ત્યારે કાયા નીરોગી અને કંચન જેવી કુદરતી સૌન્દર્યવાન રહેતી હતી. બધે આનંદ મંગળ અને અપાર ખુશીથી ભરપૂર જીવન હતું. અશાંતિ અને દુઃખનું તો કોઈ નામનિશાન નહોતું. કયારેય પણ અકાળે મૃત્યુ થતું નહિ. સર્વ પ્રાણીઓ પોતાની ઈચ્છાનુસાર પોતાનું જૂનું શરીરરૂપી વસ્ત્ર બદલતા હતા. તે સમયે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, આળસ વગેરે જરા પણ ન હતાં. બધા જ જન્મથી મહાન હતા. એ સમયે આ દેશ દેવસ્થાન હતો. બધાં નિર્વિકારી અને પૂર્ણ પવિત્ર આત્માઓ હતાં. શ્રી નારાયણના રાજયનું સુખ અને શાંતિ ભોગવવા માટે પરમધામથી અથવા મુકિતની અવસ્થાથી આ સૃષ્ટિમાં પોતપોતાની સ્થિતિ પ્રમાણે આવીને પવિત્ર આત્માઓ સાકાર પાર્ટધારી બન્યા. આ સૃષ્ટિમાં તે પવિત્ર આત્માઓની સુખ-શાંતિ સંપન્ન અવસ્થાને "સતોપ્રધાન અવસ્થા" અથવા "જીવનમુકિત" ની અવસ્થા કહેવાય છે. ત્યારે જન્મ પણ યોગબળથી અને રુદન વિના થતો હતો. તે સમયે સૃષ્ટિમાં બસ એક જ સત્યધર્મ હતો, જેને "દેવીદેવતાધર્મ" કહેવાય છે. એક "દેવભાષા" જ ચાલતી હતી. તે સમયે દરેક વસ્તુમાં સત્ય હતું. રાજા અને પ્રજા બંને સુખ-શાંતિ અને પ્રેમથી પરિપૂર્ણ રહેતાં હતાં. સૌ કોઈ બે પ્રકારના

તાજધારી હતાં. એક પ્રભામંડળ અને બીજો સુવર્ણમુકુટનો તાજ. ત્યારે સર્વને બધું જ પ્રાપ્ત હતું. એટલા માટે ત્યાં ઇચ્છા કે તૃષ્ણાનું નામનિશાન નહોતું. પ્રસિદ્ધ છે કે "દેવતાઓના ખજાનામાં કોઈ પણ ચીજનો અભાવ ન હતો." જળ, અગ્નિ, વાયુ, પૃથ્વી, જીવ, જન્તુ કોઇ પણ કષ્ટ આપતા ન હતા. ત્યારે કોઇપણ દૈત્ય રાક્ષસ કે અસુર ન હતો. સૌ કોઇ એક જ "દેવતા" વર્ણમાં જ હતાં. ત્યારે પૂજાનાં સ્થાન કે શાસ્ત્ર વગેરે પણ ન હતાં. પરંતુ બધા પૂજનીય અવસ્થાવાળા, સાક્ષાત્ દેવી કે દેવતા હતા. લડાઇ બિલકુલ ન હતી. એટલા માટે ત્યાં ન હતી સેના કે ન તો અસ્ત્ર-શસ્ત્ર હતાં. ન કોઇ રોગ હતો કે ન ઔષધાલય હતાં. કારણ કે મનુષ્યના જીવનમાં માનસિક તાણ ન હતી કે ન હતાં પર્યાવરણ-પ્રદૂષણ. ખાવાની ચીજોમાં ભેળસેળ ન હતી. લોકો સ્વાસ્થ્ય-નિયમોનું ઉલ્લંઘન પણ કરતાં ન હતાં. આથી લોકો દીર્ઘજીવી હતાં. તેમનું આયુષ્ય ૧૫૦ વર્ષનું હતું. ત્યારે મુકદ્દમા થતા નહિ કે ન્યાયાલયોની જરૂર પણ પડતી નહિ. ત્યાં કોઇ નિર્ધન કે કંગાળ કે ભ્રષ્ટાચારી ન હતાં. ન હડતાળો પડતી. પરંતુ બધાં શ્રેષ્ઠાચારી હતાં. મહારાણી અને મહારાજા જનતાનાં માતાપિતાની જેમ વર્તતાં હતાં. શાસન દંડના ભયથી નહિ પણ સ્વાભાવિક સ્નેહના પાયા પર આધારિત હતું. કહેવત છે કે ત્યારે "સિંહ અને ગાય પણ એક ઘાટે પાણી પીતાં". દેવી-દેવતાઓ પવિત્ર હોવાને કારણે તેમના પરિચયમાં "કમળ-હસ્ત", "કમળ-નેત્ર", "કમળ-મુખ", વગેરે વિશેષણોનો ઉપયોગ આજે પણ કરવામાં આવે છે. જીવનમાં કયારેય પણ રોગ, દુઃખ કે સંકટ નહીં હોવાને કારણે તથા અખંડ પવિત્રતા હોવાથી તેમના મુખ મંડળ પર એક સાત્ત્વિક આભા (પ્રકાશ) બિરાજમાન રહેતી અને તેમનાં વ્યક્તિત્વમાં વિશેષ આકર્ષણ અને પ્રભુત્વ હતુ તથા તેમનામાંથી શીતલતા અને દિવ્યતાનાં સ્પંદન વિકીર્ણ થતાં હતાં. તેઓ એવાં મધુર અને શીતળ સ્વભાવવાળાં હતાં કે આજે લોકો તેમની જડ મૂર્તિઓની સામે બેસીને તેમની પાર્થિવ પ્રતિમાઓમાંથી પણ શાંતિનો અનુભવ કરે છે તથા ધન-ધાન્યની ઇચ્છા કરે છે.

સતયુગનાં દેવી-દેવતાઓને ''સૂર્યવંશી'' કહેવામાં આવે છે, કારણ કે તેઓના આત્માનું તેજ પૂર્ણ કળાઓને પ્રાપ્ત હતું અથવા તેમની પવિત્રતા સોળ કળાએ ખીલેલી હતી. ત્યારે કોઇ અસ્પૃશ્યતાનું કલંક, રંગભેદ, વર્ગભેદ કે ભાષાભેદ પણ ન હતાં. બધા સ્વધર્મમાં (અથાત્ આત્મિક સ્વરૂપમાં) સ્વાભાવિક રૂપે સ્થિત હતાં. પોતાની આ વિશેષતાઓને કારણે સતયુગનો આજ સુધી મહિમા છે. શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણનું તે રાજય પૂરી આઠ પેઢીઓ સુધી ચાલ્યું. તે યુગનું આયુષ્ય ૧૨૫૦ વર્ષ હતું. આને ''સતયુગ'' કહેવાય છે. તે સૃષ્ટિ જાણે કે ફૂલોનો વિરાટ બગીચો હતી અથવા તે જ સ્વર્ગ હતું, વૈકુંઠ હતું.

જેવી રીતે એક નવું મકાન કેટલાક સમય પછી આપોઆપ જૂનું થઇ જાય છે તે રીતે તે નવી સુખની દુનિયા ધીરે-ધીરે જૂની થવાની શરૂઆત થઇ. અને પવિત્રતા-સુખ ને શાંતિની ૧૬ કળામાંથી બે કળા ઓછી થઇ ગઇ. અને ત્યારથી ત્રેતાયુગ-શ્રીસીતા-શ્રીરામનું રામ-રાજય શરૂ થયું. ''યથા રાજા તથા પ્રજા'' ના કથન અનુસાર તે સમયે પણ સૃષ્ટિ પર સર્વ સુખ અને પૂર્ણ શાંતિનું સ્વરાજય હતું. આવા રામરાજયના સુખનું સ્વપ્ન ભારતવાસીઓ હજી સુધી પણ જોતા રહ્યા છે. ગાંધીજી પણ એ જ રામરાજયનું સ્વપ્ન જોયા કરતા હતા. રામ-રાજયમાં પણ મનુષ્યને પોતાના જીવન નિર્વાહ માટે કે ધન ઉપાર્જન કરવાને માટે વિશેષ પરિશ્રમ કરવો પડતો નહિ. ત્યારે પણ ભૂમિ અત્યંત ફળદ્રુપ હતી. રાજયને માટે ત્યાં એકબીજા ઉપર આક્રમણ થતાં ન હતાં, કોઇ પ્રકારનાં ઈર્ષ્યા કે દ્વેષ ન હતાં. ત્યારે પણ અકાળે મૃત્યુ થતું નહિ. માતાપિતાના જીવનકાળમાં કાળ તેમના પુત્રને છીનવી શકતો નહિ. ત્યારે પવિત્રતા-સુખ-શાંતિની દૃષ્ટિથી બધાં નર-નારી ચૌદકળા સંપૂર્ણ હતાં. જેમ પૂર્ણિમાના એક દિવસ પહેલાં ચંદ્ર ૧૪ કળાવાળો હોય છે તેવી જ રીતે ત્રેતાયુગમાં સર્વ આત્માઓ ૧૪ કળાએ પ્રકાશમાન હતાં.

તે યુગમાં બધાં નીરોગી હતાં. ત્યારે પણ લોકો સ્વભાવથી સ્વધર્મ-સ્થિત હતાં. ધર્મ જ તેના કર્મ પર અંકુશ હતો. તે ઉપરથી સ્પષ્ટ નિષ્કર્ષ નીકળે છે કે રામના રાજયમાં ''રાવણ'' નામનો અસુર કે રાક્ષસ ન હતો. ભલા કોની તાકાત છે કે રામની સીતાને કોઇ બૂરી-દૃષ્ટિથી જોઇ પણ શકે. ચોરાઇ જવાની વાત તો એક તરફ રહી, વાસ્તવમાં રામ અને રાવણની પ્રતીકાત્મક આધ્યાત્મિક કથા એક અન્ય યુગથી સંબંધિત છે. ત્રેતાયુગી રાજા રામ તો જીવનમુકત હતા અને પાવન હતા. તેમના જીવનકાળમાં દૈહિક, દૈવિકના બીજા કોઇ પણ પ્રકારનું દુઃખ હતું નહિ, ''દૈહિક દૈવિક ભૌતિક તાપા રામરાજ્યન કાહુ વ્યાપા.''

ત્રેતાયુગમાં ન તો કોઇને શ્રવણકુમારના માતા-પિતાની જેમ અંધાપો હતો કે ન કોઇ કોઇને શાપ આપતાં હતાં. કોઇ મંથરા જેવી નારીઓ ન હતી. કૈકેયીની જેમ કોઇને અપરમા પણ ન હતી. ગૃહસ્થ ધર્મમાં એકથી વધુ વિવાહ કોઇ કરતું જ નહિ. ત્યારે કોઇ વૃદ્ધાવસ્થાથી પણ પીડિત થતું નહિ. ન તો કોઇ કોઇના વિયોગમાં કે શોકમાં મરતાં હતાં, બધાં જ મોહજીત હતાં. રામના રાજ્યમાં તથા તેનાથી પહેલાં પણ''યથા રાજા તથા પ્રજા''ની ઉકિત પ્રમાણે બધાં જ ધર્મયુકત અને શ્રેષ્ઠ આચરણવાળાં હતાં. ત્યારે ત્યાં ન હતો કોઇ કાણો ધોબી, કે ન તો કોઇ કોઇની નિંદા કરતું. એટલે તો બધાં ''રામરાજય''ની ઇચ્છા રાખે છે-

રામ રાજા રામ પ્રજા રામ શાહૂકાર હૈ।<br>
બસે નગરી જીયે દાતા ધર્મકા ઉદ્ધાર હૈ ॥

ભલા કોની મજાલ છે કે રાજાની રાણી પવિત્ર સીતાનું અપહરણ કરી શકે? શું કયારેય સોનાનું હરણ હોય ખરું? શું દશ માથાવાળી કોઇ વ્યકિત હોઇ શકે ખરી? શું પૃથ્વીમાં દબાયેલા ઘડામાંથી કોઇનો જન્મ થવો સંભવ છે ખરો?

વાસ્તવમાં રામકથા તો રામેશ્વર (શિવ)થી સંબંધિત છે. પરમપિતા પરમાત્માને ''રમણીય'' (અથવા મનને પ્રિય લાગનાર) હોવાને કારણે ''રામ'' પણ કહેવામાં આવે છે. ''રાવણ'' શબ્દનો અર્થ રામથી વિપરીત છે. રાવણ રડાવનારને કહેવામાં આવે છે. પાંચ વિકારોનું સામૂહિક નામ જ રાવણ છે. રાવણનાં દશ માથાં નર-નારીમાં પાંચ વિકાર અને પાંચ તત્વોનાં સૂચક છે. આથી ''રામકથા'' તે સમયથી સંબંધિત આધ્યાત્મિક કથા છે કે જયારે સમાજનાં પ્રત્યેક નર-નારી પાંચ વિકારોથી તથા પાંચ તત્ત્વોના પ્રભાવથી પીડિત હતાં. વાસ્તવમાં આ સમસ્ત સંસાર જ એક મોટો ટાપુ છે કેમકે તેની ચારે બાજુ સાગર છે. તેથી આજ ''શ્રી લંકા'' છે. નહિતર આજે જેને આપણે લંકા કહીએ છીએ તેના ઇતિહાસમાં તો દશ માથાવાળો કોઇ અસુર રાજા થયો જ નથી. એ વાતની સત્યતા સ્વયં તે દેશના લોકોને પૂછીને કરી શકાય છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ દરેક આત્મા જ ''સીતા'' છે. તે (આત્મા) અયોનિજ (યોનિ વિનાનો અવિનાશી) છે. આત્માના પતિ પરમાત્મા જ ''રામ'' છે. જયારે મનુષ્યાત્મા લક્ષ્યમાં મન (લક્ષ્મણ)ને લગાડવાની મર્યાદારૂપી રેખાનું ઉલ્લંઘન કરે છે ત્યારે તેનું પાંચ વિકાર રૂપી રાવણ અપહરણ કરી લે છે અને બંદી બનાવી શોકવાટિકામાં રાખે છે. ત્યાં અત્યંત દુ:ખી થઇ પોતાના પ્રભુ રામને પોકારે છે ત્યારે પરમપિતા રામજી તેને છોડાવે છે અથવા મુક્તિ અપાવે છે. એ આખો વૃત્તાંત કળિયુગના અંતમાં બને છે. ત્રેતાયુગી રાજા રામના સમયમાં ન તો કુંભકરણ હતો કે ન હતો મેઘનાદ અને ન હતો રાવણ.

તે યુગમાં શ્રી રામની ૧૨ પેઢીઓએ રાજય કર્યું. તે યુગની પણ આયુષ્ય મર્યાદા ૧૨૫૦ વર્ષ હતી. તે સમયે પણ સત્વગુણી સ્વભાવવાળા આત્માઓ જ આ સૃષ્ટિમાં સાકાર પાર્ટધારી હતા. ત્યારે એક જ સત્ય આદિ

સનાતન દેવી-દેવતા ધર્મ અથવા આર્ય ધર્મ હતો. સતયુગ અને ત્રેતાયુગી આત્માઓમાંથી શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણ અતિ પ્રસિદ્ધ દેવીદેવતા બન્યાં છે. અને શ્રી સીતા અને શ્રી રામના આત્માઓ પણ શ્રેષ્ઠ અને મર્યાદાપુરુષોત્તમ આત્માઓ ગણાય છે.

ત્રેતાયુગના અંતમાં સૃષ્ટિ વિશેષ પુરાણી બની ગઇ અને તે સમયે પવિત્રતા તથા સુખ-શાંતિની છ કળાઓ વધુ ઓછી થતી ગઇ. ત્યારે દેવી-દેવતાઓ વામ માર્ગમાં ચાલ્યાં ગયાં અથવા પતિત બની ગયાં. આ બંને યુગને ''બ્રહ્માનો દિવસ'' કહેવાય છે, દ્વાપર યુગની શરૂઆતથી માયાનું અર્થાત્ ''આત્માઓના સૌથી જૂના દુશ્મન'' ''રાવણ''નું (પાંચ વિકારોનું) રાજ્ય શરૂ થયું. દુઃખ અને અશાંતિ શરૂ થઇ ગયાં અને મનુષ્યાત્માઓ ધીરેધીરે પાંચ વિકારોની જાળમાં ફસાતાં ગયાં. તે સમયે અન્ય ધર્મપિતાઓ દ્વારા બીજા ધર્મોની સ્થાપના શરૂ થઇ. ત્યારે દેવી-દેવતા ધર્મમાં વિકાર આવી ગયા હતા. બીજા ધર્મોમાં સૌ પ્રથમ ઇબ્રાહીમે ઇસ્લામ ધર્મની સ્થાપના કરી. એ દ્વાપર યુગથી જ ભકિતમાર્ગ શરૂ થયો અને વેદ, ઉપનિષદ, શાસ્ત્ર અને પુરાણ લખાયાં અને શિવલિંગની મૂર્તિના રૂપમાં પૂજા પણ શરૂ થઇ.

આ એ જ સમય છે જયારે ઋષિમુનિઓ થયા અને તેમણે ધાર્મિક ગ્રંથો લખ્યા. તે સમયે ભકિત સતોપ્રધાન અવસ્થામાં હતી એટલા માટે ફકત નિરાકાર પરમપિતા પરમાત્મા શિવની જ પૂજા થતી હતી. પરંતુ ધીરેધીરે ભકિત પણ સતોપ્રધાન અવસ્થાથી નીચે ઊતરીને રજોપ્રધાનતાની અવસ્થાને પ્રાપ્ત થઇ અને અન્ય ધર્મપિતાઓના આત્માઓનું પણ સૃષ્ટિ મંચ પર આવવાનું શરૂ થયું. ત્યારપછી શ્રી વિષ્ણુ, શ્રીલક્ષ્મી, શ્રી નારાયણ, શ્રી શંકર, શ્રી કૃષ્ણ, શ્રી રામ વગેરે વગેરેની પૂજા-પાઠ, દાન-પુણ્ય, વ્રત, કર્મકાંડ વગેરે શરૂ થતાં ગયાં. લોકોની ધર્મમાં ખૂબ જ રુચિ અને શ્રદ્ધા હતી. તેઓ યમ-

નિયમોના પાલનને માટે કઠોર વ્રત લેતાં હતાં. ઋષિઓ જંગલો અથવા અરણ્યોમાં રહીને શાસ્ત્રો લખતા, વાંચતા અને ભણાવતા હતા. રાજાઓ પણ ધર્માચાર્યોનું માન રાખતા હતા.

આ જ સમયમાં વર્ણ-આશ્રમના વિભાગે પણ રૂપ લીધું અને જાતિ-પાંતિ તથા ભેદભાવ શરૂ થયા. ધીરેધીરે અનેક ધાર્મિક સંપ્રદાયો બનતા ગયા અને લોકોમાં મતભેદો શરૂ થઇ ગયા તથા ઉગ્રરૂપ લેવા લાગ્યા. ભારત દેશ કેટલાંક રાજયોમાં વહેંચાઇ ગયો. સમયાંતરમાં ઇન્દ્રિયસંયમ તૂટવા લાગ્યો. રોગ, શોક, જરા-મૃત્યુ, દુઃખ-સુખ અને અશાંતિનાં વાદળો ઘેરાવા લાગ્યાં.

ઇબ્રાહીમે ઇસ્લામ ધર્મ સ્થાપન કર્યા બાદ લગભગ ૨૫૦ વર્ષ પછી બુદ્ધે આવીને બૌદ્ધ ધર્મની સ્થાપના કરી, ત્યાર બાદ ઇસા મસીહ આવ્યા. તેમણે ઇસાઇ ધર્મની સ્થાપના કરી. તેના પછી લગભગ ૫૦૦ વર્ષ બાદ શંકરાચાર્ય આવ્યા. તેમણે કર્મ-સંન્યાસ પરંપરાની સ્થાપના કરી. તેના પછી લગભગ ૧૦૦ વર્ષ પછી મુહમ્મદ સાહેબે આવીને મુસ્લિમ ધર્મની સ્થાપના કરી. આ ધર્મસ્થાપકો દ્વારા અનેક ધર્મોની સ્થાપના થઇ. હવે અનેક રીતે અનેક ધર્મસ્થાપકો દ્વારા અનેક દેવ-દેવીઓની પણ પૂજા શરૂ થઇ ગઇ. એ ધર્મસ્થાપકોને બીજા શબ્દોમાં ''પયગમ્બર'' પણ કહેવામાં આવે છે. એ રીતે આ ધર્મસ્થાપકો પરમાત્માનો પરિચય પોતપોતાની રીતે આપે છે. પરંતુ એમાંના કોઇપણ ગતિ કે સદ્ગતિના રસ્તા પર લઇ જઇ શકતા નથી, કારણ કે સદ્ગતિદાતા તો એક પરમાત્મા જ છે. આથી આટલા ધર્મસ્થાપકોના આવ્યા પછી પણ દુનિયા પતન તરફ ઢળતી ગઇ અને દ્વાપરના અંતમાં ભકિત રજોગુણી અવસ્થાથી તમોગુણી અવસ્થાને પ્રાપ્ત થઇ ગઇ. ત્યારે પવિત્રતાની કળાઓ પણ અતિ ક્ષીણ થઇ ગઇ. દ્વાપર યુગનું આયુષ્ય પણ ૧૨૫૦ વર્ષ હોય છે.

દ્વાપર યુગનો અંત અને કળિયુગની શરૂઆતમાં દેવતાઓની ભકિત થવા ઉપરાંત પ્રકૃતિનાં જુદાંજુદાં તત્ત્વોની પણ પૂજા થવાની શરૂઆત થઇ જાય છે. અને ભ્રષ્ટાચાર, પાપાચાર, અંધકાર વધતો જાય છે. તે સમયે અનેક સમાજ ઉત્પન્ન થઇ જાય છે અને તેઓ એકબીજાના ધર્મ પર આક્રમણ પણ કરે છે. અને ધર્મના નામ પર પાપ પણ કરે છે. લોકો પરમપિતા પરમાત્માની એટલી ગ્લાનિ કરવા લાગી જાય છે કે તેઓ કહેવા લાગે છે કે પ્રાણી માત્ર કૂતરાં, બિલાડાં, જળ, વૃક્ષ, ઠિક્કર-પથ્થર, બધામાં ભગવાન છે! ત્યારે પોતાની જાતને ભગવાન કહીને ‘‘શિવોઙહમ્’’ કહીને લોકોને ભગવાનથી વિમુખ કરી દે છે.

આ યુગમાં કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા, દ્વેષ, નિંદા, આળસ, લડાઇ-ઝઘડા, વગેરે વધતાં જ ગયાં, રાજાઓ એકબીજા પર આક્રમણ કરીને બીજાનાં રાજયો પચાવવા લાગ્યા, વસ્તુઓનું મૂલ્ય ધીરેધીરે વધતું ગયું, લોકોમાં સ્નેહનું સ્થાન મોહ-મમતાએ લીધું. જાતિ-પાંતિની જંજીરો સખત બની ગઈ. મર્યાદાઓ તૂટવા લાગી. નિયમો ઢીલા થવા લાગ્યા. રાજવીઓ એશઆરામ અને રંગરેલીઓમાં રાચવા લાગ્યા અને તેમના આચરણને વિકારો અને વાસનાના કીડા કોતરવા લાગ્યા. એટલા માટે ધીરેધીરે લોકો રાજસત્તાની વિરુદ્ધ થતા ગયા. લોકોમાં પણ આચરણની શ્રેષ્ઠતા તૂટવા લાગી અને તેની જગ્યાએ કર્મકાંડ તથા બ્રાહ્મણો દ્વારા પૂજનવિધિ વધુ ને વધુ પ્રચલિત થતી ગઇ, રસમ-રિવાજ આંટીઘૂંટીવાળા અને ખર્ચાળ બનતા ગયા. કાળાંતરે લોકો ધર્માચાર્યોથી પણ તંગ આવવા લાગ્યા. આ રીતે ધર્મસત્તા અને રાજસત્તા બંને અલગ-અલગ બની જવાથી નૈતિક પ્રભાવ સમાજ પરથી ઓછો થવા લાગ્યો.

કળિયુગ એ જૂઠાણાં, ફરેબ અને તમોગુણનો યુગ છે. જેમજેમ સમય વીતતો જાય છે તેમતેમ લોકો વધુ ને વધુ પતિત બનતા જાય છે. લોકો સાચા

મનથી, અનન્ય ભાવથી પોત-પોતાના ઈષ્ટદેવની ભકિત પણ નથી કરતાં. મનુષ્યનો સ્વભાવ ચંચળ બની જાય છે. આશ્રમવ્યવસ્થા પણ છિન્નભિન્ન થઇ જાય છે. માનવ ફકત એક વિકારી ''ગૃહસ્થ'' તરીકે જ શેષ રહે છે, કેમકે ''બ્રહ્મચર્યાશ્રમ''નું પણ તેઓ યોગ્ય રીતે પાલન કરી શકતા નથી. કળિયુગના માનવીની દૃષ્ટિ, વૃત્તિ અને કૃતિ દૂષિત બની જાય છે. તેઓ આરતી કરતાં ભગવાનની પ્રાર્થના તો કરે છે કે ''વિષય-વિકાર મિટાવો'' પરંતુ તેઓ સ્વયં વિકારોને મટાડવાનો પ્રયત્ન જ નથી કરતા, ન તો મનથી વાસનાનો ત્યાગ કરવા પ્રયત્ન કરે છે. પરંતુ વાસનામય અને વિકારી જીવનને જ સ્વાભાવિક માનવા લાગે છે. તેઓ કામ, ક્રોધ અને લોભને ''નરકનું દ્વાર'' માનવા છતાં પણ રોજબરોજ તેમાં જ રચ્યાંપચ્યાં રહે છે. સાધુ લોકો પણ પોતાના સંન્યાસ ધર્મને બદનામ કરતાં જોવા મળે છે. ભકિત અને પૂજાના નામે મોટાભાગના બ્રાહ્મણો તથા પૂજારીઓ ધનપ્રાપ્તિના લોભમાં પડી જાય છે. લોકો તેના ચરિત્ર-બળ કે તેમની આધ્યાત્મિક સ્થિતિમાંથી પ્રેરણા પણ લઇ શકે તેવું જીવન પણ જોવા મળતું નથી.

રાજકારણમાં કૂટનીતિ અને છળકપટનો અત્યંત ઉપયોગ થવા લાગે છે. યુદ્ધના નિયમોને પણ તોડવામાં આવે છે. સત્તાધીશો પોતાની વિલાસિતાને માટે પ્રજાનું શોષણ કરે છે તથા કન્યાઓ-માતાઓ પર કુદૃષ્ટિ રાખે છે ને સૈન્યબળ અને સત્તાના નશામાં ચૂર બની સુરા-સુંદરીની લતમાં જ ફસાઇ જાય છે

જેમજેમ કળિયુગના ચરણ વધે છે તેમતેમ લોકોના ધાર્મિક સંસ્કારોમાં સંકુચિતતા, વાદ-વિવાદ, કલહ-કંકાસ, નાસ્તિક્તા વગેરે વધે છે. લોકો વધુ ને વધુ દેહ અભિમાની બનતા જાય છે. તેમના જીવનમાં અશાંતિ અને દુ:ખ વધતાં જાય છે અને કળિયુગના અંતિમ ચરણ આવતાં અત્યાચાર, અનાચાર, પાપાચાર, ભ્રષ્ટાચાર તથા વિકારને કારણે ત્રાહિ ત્રાહિ મચી જાય છે.

કળિયુગમાં અંતિમ ચરણમાં એવી સ્થિતિ હોય છે કે કન્યા પોતાની જાતે પતિની માગણી કરવા લાગી જાય છે. આકાશમાં અગ્નિવર્ષા કરનારા બોંબ તૈયાર થઇ જાય છે. બધા વર્ણ એક પ્રકારે કર્મોથી શૂદ્રવર્ણ જ બની જાય છે, કારણ કે તેમનાં કર્મો આસુરી લક્ષણોવાળાં તથા વિકારી બની જાય છે. અનાજ પડીકામાં અને દૂધ બોટલોમાં વેચવા લાગે છે. જનસંખ્યા એટલી વધી જાય છે કે દરેક જગ્યાએ ભીડ અને લાઇન લાગી જાય છે. ગાય કીચડમાં મોઢું નાખવા લાગે છે. નર-નારીઓમાં રોગો વધતા જાય છે. અને તેમનું આયુષ્ય પણ ટૂંકું થઇ જાય છે. અત્યારે જે સમય ચાલી રહ્યો છે તે એવો જ સમય છે. કળિયુગનું અંતિમ ચરણ એટલે અત્યારનો જ સમય.

આ રીતે આ વાર્તાનું દર ૫૦૦૦ વર્ષ પછી પુનરાવર્તન થાય છે. અત્યારે ખરેખર એ જ કળિયુગનું અંતિમ ચરણ ચાલી રહ્યું છે. જ્યારે આવો સમય આવે છે ત્યારે કર્મસંન્યાસ ધર્મવાળા સંન્યાસી લોકો અલ્પજ્ઞ હોવા છતાં પણ ''શ્રી ૧૦૮ જગત્ગુરુ''ની ઇશ્વરીય ઉપાધિનો પોતાના નામની સાથે પ્રયોગ કરવા લાગે છે. આ સમયે ''રાવણ''અર્થાત્ માયા (પાંચ વિકારો)નો પૂર્ણ પ્રભાવ હોય છે. મનુષ્યાત્મા પાંચ વિકારોમાં ખરાબ રીતે ફસાઇ જાય છે. ભાઇભાઇનું ખૂન કરે છે. મા-બહેનની લાજ લૂંટાય છે, અબળાઓ પર અત્યાચાર થાય છે. ભ્રષ્ટાચાર વધે છે. ચોરી-લાંચ, ડાકુગીરી છડેચોક થાય છે. અકાળે મૃત્યુ થાય છે, દુકાળ પડે છે, ભૂખમરો ફેલાય છે. ધરતીકંપ અને તોફાન આવે છે તથા અતિવૃષ્ટિ થાય છે. અનેક પ્રકારના રોગો વધે છે. ચારે તરફ અશાંતિ કે અધર્મનું રાજ્ય ફેલાઇ જાય છે. તે સમયે મનુષ્યાત્માઓ બહુ જ દુ:ખી થાય છે. અને પરમપિતા પરમાત્માને પોતપોતાની માન્યતા અનુસાર પોકારે છે. પોતાનાં બાળકોના દર્દભર્યા પોકાર સાંભળીને પતિત પાવન પરમપિતા પરમાત્મા શિવ ગીતામાં દર્શાવેલા પોતાના વચન પ્રમાણે તે કળિયુગી, આસુરી સંપત્તિવાળી સૃષ્ટિ પર દિવ્ય રીતે અવતરિત થાય છે.

પરમપિતા પરમાત્મા શિવ અજન્મા અને અભોકતા છે અને સર્વ આત્માઓનાં માતાપિતા છે. એટલા માટે સૃષ્ટિ પર તેમનો જન્મ મનુષ્ય કે દેવતાઓની જેમ ગર્ભથી થતો નથી પરંતુ તેઓ તો એક "સાધારણ વૃદ્ધ અને અનુભવી મનુષ્યના શરીરમાં પ્રવેશ કરે છે." આ જ દિવ્ય જન્મ કહેવાય છે. જે સાધારણ અને વૃદ્ધ મનુષ્યના શરીરમાં તેઓ પ્રવેશ કરે છે, તેમનું નામ પરમાત્મા "પ્રજાપિતા બ્રહ્મા" રાખે છે. તે પ્રજાપિતા બ્રહ્મા જ વૃદ્ધ બ્રાહ્મણ છે જેને તેઓ સૌ પહેલાં સત્યનારાયણની સાચી કથા સંભળાવે છે અને સત્યનારાયણ વ્રત (પૂર્ણ પવિત્રતાનું વ્રત) રાખવા માટે કહે છે. પવિત્રતારૂપી સત્ય વ્રત ધારણ કરવાને કારણે જ શ્રી નારાયણપદ પછી ૮૩ જન્મ લઈને ૮૪મા જન્મમાં નિર્ધન ભારતમાં એક બ્રાહ્મણના રૂપમાં જન્મ લેનાર એ જ તે બ્રાહ્મણ છે, જેના વિષે આજે પ્રચલિત સત્યનારાયણ વ્રતકથામાં ઉલ્લેખ છે, તે જ વૃદ્ધ પ્રજાપિતા બ્રહ્મા રૂપી બ્રાહ્મણના તનમાં અવતરિત થવાને કારણે જ મહિમા પણ છે કે "વૃદ્ધ બ્રાહ્મણ બનીને સોનાનો મહેલ કર્યો." કેમકે તે જ સાકાર માધ્યમ દ્વારા જ તેઓ કંગાળ ભારતને સોનાના મહેલોવાળો, સતયુગી, પાવન ભારત અથવા સ્વર્ગ બનાવી દે છે. તે જ રૂપમાં (બ્રાહ્મણ તનમાં) ભીલો સમાન પ્રાયઃ નિર્ધન બનેલા ભારતને પરમપિતા પરમાત્મા ધનવાન બનાવી દે છે અને વ્યાપારીઓનાં પણ ડૂબેલાં જીવનરૂપી વહાણને ઉગારીને પાર ઉતારે છે. સર્વને તેઓ ૮૪ જન્મોની આ આત્માની કથા તથા સત્ય (પરમાત્મા) અને શ્રી નારાયણની કથા સંભળાવીને તેમને પતિતમાંથી પાવન બનાવે છે અને તેમને મુકિત તથા જીવનમુકિતની પ્રાપ્તિ કરાવે છે. પરંતુ શ્રી નારાયણની ૮૪ જન્મોની આ આખી કથાનો તથા સત્યસ્વરૂપ પરમાત્મા શિવની જીવનકથા તથા પવિત્રતારૂપી સાચા વ્રતનું જ્ઞાન પ્રાયઃ લોપ થઈ જવાને કારણે આજે ફકત-વિચિત્ર "વ્રતકથા" અર્થાત્ વ્રતનો મહિમા શેષ રહી ગયો છે.

## આ કથા પ્રાયઃ લુપ્ત

આજ સત્યનારાયણની કથા ઉપલબ્ધ નથી. અત્યાર સુધી અનેકાનેક લોકોએ સત્યનારાયણની કથાને શોધી કાઢવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ કોઇ પણ વ્યકિત આ પ્રયોજનને સિદ્ધ કરી શકી નથી. કેટલાક લોકોનું મંતવ્ય છે કે જે પુરાણમાં પહેલાં આ વ્રતકથા હતી હવે તે પુરાણ જ નથી મળતું. એનો ભાવ એ થયો કે ''સત્યનારાયણની કથા'' વાસ્તવમાં પ્રાયઃ લુપ્ત છે. એવી પરિસ્થિતિમાં હવે આ કથા જેના માહાત્મ્યમાં કહેવામાં આવ્યું છે એ મુકિત અને વૈકુંઠનું સુખ આપનારી છે. અત્યારે સત્યરૂપે કોણ જ્ઞાન આપી શકે? જન્મમરણમાં આવનાર કોઇ પણ વિસ્મૃતિશીલ મનુષ્ય એના રહસ્યનું ઉદ્‌ઘાટન નહીં કરી શકે. પરંતુ નરમાંથી શ્રી નારાયણ બનાવનાર જે સત્ય સ્વરૂપ પરમાત્મા છે, ફકત તેઓ જ આનું પુનઃ જ્ઞાન આપી શકે છે. તેઓ જ પુનઃ સત્યવ્રતના પાલનનું શિક્ષણ આપીને મનુષ્યને દેવતાઓ અથવા નરને નારાયણ બનવાનો પુરુષાર્થ શિખવાડી શકે છે. તેથી ધ્યાન રહે કે પૂર્વ પૃષ્ઠોમાં સતયુગના આરંભથી લઇને કળિયુગના અંત સુધીની જે સંક્ષિપ્ત-સૃષ્ટિ કથા આપવામાં આવી છે અને કળિયુગના અંતમાં સત્ય સ્વરૂપ પરમાત્મા શિવના પુનઃ અવતરણનો જે વૃત્તાંત સારરૂપમાં બતાવવામાં આવ્યો છે, તે સ્વયં ભગવાને સંભળાવેલી સત્ય કથા પર આધારિત છે. સત્યસ્વરૂપ પરમાત્માએ જ પ્રજાપિતા બ્રહ્માના મુખ દ્વારા વર્તમાન સંધિકાળમાં એ કથાનો બોધ કરાવ્યો છે.

## આ કથા દ્વારા સર્વસુખોની પ્રાપ્તિ કેવી રીતે?

હવે પ્રશ્ન ઊઠે છે કે પૂર્વ પૃષ્ઠોમાં ચારેય અથવા પાંચે યુગોમાં મનુષ્યાત્માના જન્મ-પુનર્જન્મની તથા સંગમયુગે પરમપિતા પરમાત્માના અવતરણની જે કથાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનાથી મનુષ્યને શાંતિની તથા સર્વ સુખોની પ્રાપ્તિ કેવી રીતે થઇ શકે?

આનો ઉત્તર જાણવા માટે ધ્યાન આપવા જેવી બાબત એ છે કે એનાથી મનુષ્યાત્માને એ સ્મૃતિ ફરીથી થાય છે કે- "હું આત્મા-સતયુગમાં દેવપદને પ્રાપ્ત હતો. શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણના રાજયકાળમાં સતોપ્રધાન અવસ્થામાં હું પૂર્ણતઃ પવિત્ર સર્વ દૈવી ગુણોથી યુકત તથા જીવનમુકત હતો. પછી ત્રેતાયુગમાં દિવ્યતાની બે કળાઓ ઓછી થઇ અને દ્વાપરયુગથી ધીરે ધીરે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, આળસ, ઈર્ષ્યા, દ્વેષ, ઈત્યાદિને વશીભૂત થતાંથતાં હવે હું પતનની વર્તમાન સીમાએ પહોંચ્યો છું. મારી આ બધી અવસ્થા દેહ અભિમાનને કારણે જ થઇ છે. કારણકે દેહ અભિમાનથી જ રાગ-દ્વેષ વગેરે સર્વ વિકાર પેદા થાય છે. હવે અત્યારે સમસ્ત સંસારની તમોપ્રધાન અને પતનની અવસ્થા છે. આ અવસ્થામાંથી મુકત કરવા અને ફરીથી નરમાંથી શ્રી નારાયણ અથવા મનુષ્યમાંથી દેવતા બનાવવા અથવા તમોપ્રધાન કળિયુગમાંથી સતોપ્રધાન સતયુગની પુનઃસ્થાપના કરવા હવે પરમપિતા પરમાત્મા શિવ પ્રજાપિતા બ્રહ્માના તનમાં આવ્યા છે. તેઓ હવે મારા જ કલ્યાણ માટે પવિત્ર અને યોગયુકત બનવાને માટે કહે છે. આથી હવે મારે ફરી પાછું પવિત્રતારૂપી વ્રત લેવું જોઇએ અને જ્ઞાનરૂપી પ્રસાદ પ્રાપ્ત કરવો જોઇએ તથા યોગયુકત બનવું જોઇએ. એના માટે હવે મારે અવગણના કે વિલંબ કરવો જોઇએ નહિ. નહિતર હવે થોડા જ સમય બાદ બધું ધન-ધાન્ય વેલ-પાંદડાં જ બની જનાર છે અને આ પાપમય સંસારનું વહાણ ડૂબી જવાનું છે કારણ કે પાપી મનવાળા મનુષ્યોએ પોતાના જ હાથોથી પોતાના માનવવંશનો મહાવિનાશ કરવાને માટે એટમ અને હાઈડ્રોજન બોંબ, લેસર કિરણોનું હથિયાર તથા અન્યાન્ય મહાઘાતક અસ્ત્ર-શસ્ત્રનુ નિર્માણ કરી લીધું છે."

આ રીતે સ્મૃતિલાભ થવાથી મનુષ્યાત્મા પુનઃ સ્વરૂપમાં સ્થિત થવાનો, પરમપિતા પરમાત્મા શિવની સાથે પ્રીતિ જોડવાનો, જીતેન્દ્રિય બનવાનો, જ્ઞાનપ્રસાદ પ્રાપ્ત કરવાનો તથા આહારવ્યવહાર વગેરેની શુદ્ધિનું

વ્રત લેવાનો પુરુષાર્થ કરશે અને આ ઉત્તમ પુરુષાર્થનું ફળં એ મળશે કે એનાથી પૂર્વ પાપકર્મો દગ્ધ થઇ જશે. વર્તમાન જીવનમાં પૂર્ણ શાંતિ તથા યોગનો આનંદ પ્રાપ્ત કરશે તથા ભવિષ્યમાં મુકિત અને જીવનમુકિતનો ઈશ્વરીય જન્મસિદ્ધ અધિકાર પ્રાપ્ત કરશે. એ જ કારણ છે કે આજે પણ સત્યનારાયણ વ્રતકથા કરવાવાળા આમોદ-પ્રમોદ કરતા અને ખુશીથી ગાતા-નાચતા ફરે છે. આ વાત જ એમ સાબિત કરે છે કે સત્યનારાયણની સાચી કથા સાંભળનારા મન-વચન-કર્મથી શુદ્ધ અને સત્ય બને છે અથવા નારાયણની જેમ કમળમુખ, કમળનેત્ર, કમળહસ્ત.....બનવાનો પુરુષાર્થ કરે છે અને એવા લોકોને માટે તો સંસારમાં હર્ષ અને ખુશી જ છે.

## નરમાંથી નારાયણ બનવાનું વ્રત

આપણે જોઇએ છીએ, કે મંદિરોમાં શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણની જે મૂર્તિઓ છે, તેમની સામે જઇને ભકતજન આ શબ્દોમાં પોતાના ઉદ્દગાર વ્યકત કરે છે-"આપ સર્વગુણ સંપન્ન અને ૧૬ કળા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ અને અહિંસા પરમો ધર્મ....છો." આવું કહેતા કદાચ જ કોકના જ મનમાં એ ચિંતન ચાલતું હશે કે "શ્રી લક્ષ્મી અને શ્રી નારાયણ પણ આપણી જેમ જ બે આંખ, બે કાન, બે પગવાળાં છે. પરંતુ તેઓ પૂજ્ય છે અને આપણે પૂજારી. એવું અંતર શા માટે છે?" જો મનુષ્ય આ પ્રશ્ન પર વિચાર કરે તો તે અવશ્ય એ જ નિર્ણય પર પહોંચશે કે નર તથા નારાયણમાં મુખ્ય અંતર એ જ છે કે નારાયણ સર્વગુણ સંપન્ન, સંપૂર્ણ નિર્વિકારી છે, પરંતુ આજે નર આસુરી ગુણસંપન્ન અને વિકારી છે. આથી હવે આવશ્યકતા એ વાતની છે કે નર સ્વયંમાં દૈવીગુણોને ધારણ કરે અને સંપૂર્ણ નિર્વિકારી બનવાનો પુરુષાર્થ કરે અથવા પતિતમાંથી પાવન અને પૂજારીમાંથી પૂજ્ય બનવાનો પ્રયત્ન કરે. પરંતુ આજે આપણે જોઇએ છીએ કે આજે મનુષ્ય

મંદિરમાં જઈને શ્રી નારાયણની મહિમા કર્યા પછી પોતાના વિષે એમ કહેવાથી આશ્વાસન અનુભવે છે કે-"હે નાથ, હું નીચ છું, વિકારી છું, પતિત છું, અશાંત છું, આપનો દાસ છું. હે નાથ, મુજ પર કૃપા કરો." હવે સત્યસ્વરૂપ પરમપિતા પરમાત્મા કહે છે કે, "હે વત્સ, પહેલાં પોતે જ પોતાના ઉપર એવી કૃપા કરો કે જેથી નિર્વિકારી બનો."

હવે પ્રશ્ન એ ઊઠે છે કે મનુષ્ય નિર્વિકારી કેવી રીતે બને? અથવા નરમાંથી શ્રી નારાયણ પદ કેવી રીતે પ્રાપ્ત કરે? તેની દૃષ્ટિ અને વૃત્તિ કેવી રીતે પવિત્ર બને? તેનું જીવન કમળફૂલ સમાન કેવી રીતે બની શકે? તેનો આત્મા પૂર્ણિમાના ચંદ્રમાની જેમ પૂર્ણ કળાઓથી પ્રકાશમાન કેવી રીતે બને? એને માટે જરૂરી છે કે મેં જે સતયુગના આરંભથી લઈને કળિયુગના અંત સુધીની સત્યનારાયણની જે કથા પૃષ્ઠ ૧૨ થી ૨૩ સુધી લખી છે તેનું તે વારંવાર પોતાના મનમાં સ્મરણ કરતો રહે. વળી તેના મનમાં એ ચિંતન સતત ચાલતું રહે કે, "હું સતયુગમાં સર્વગુણ સંપન્ન, ૧૬ કળા સંપૂર્ણ, મર્યાદા પુરુષોત્તમ, અહિંસા, પરમોધર્મ, સૂર્યવંશી દેવતા હતો. પછી ત્રેતાયુગમાં હું ૧૪ કળા, દિવ્યગુણસંપન્ન હતો અને પૂર્ણ નિર્વિકારી હતો. દ્વાપર યુગથી જ હું દેહાભિમાની બન્યો, પૂજ્યથી પૂજારી બન્યો, અને નિર્વિકારીમાંથી વિકારી બન્યો ત્યારે મારી ફકત ૮ કળાઓ જ રહી. તે પણ ક્ષીણ થતાં થતાં કળિયુગના અંતમાં હું સંપૂર્ણ વિકારી બન્યો. હવે મારે આત્માની જ્યોતિ પ્રગટાવવાની છે. હવે મુજ જ્યોતિસ્વરૂપ આત્માને ફરીથી પાવન અને સર્વગુણસંપન્ન બનાવવાનો છે. હવે કળિયુગ જઈ રહ્યો છે અને સતયુગ આવી રહ્યો છે."

**ૐ શાંતિઃ**